| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩–૦૬–૨૦૨૫ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૩–૦૬–૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૧–૦૩–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૮ ૧૮ |

## કુતિયાણાના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં., મુ.કુતિયાણા.

**ફોજદારી કેસ નં.:૪૨૬/૨૦૨૫**

આંક:–

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** કારા ઉર્ફે રૂડા દેવરાજભાઈ કોડીયાતર
રહે.ધ્રુવાળા ગામ, સોસાયટી વિસ્તાર,
તા.કુતિયાણા, જી.પોરબંદર.

**ગુનો :–** ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ) મુજબ.

| |
|---|
| સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી જે.કે.પંડયા. |
| આરોપી તરફે વિ.વ.શ્રી વી.કે.સોંદરવા |

**–: ઠ રા વ :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા. ૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ કલાક ૧૯:૧૦ વાગ્યાના અરસામાં આરોપીના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર પોતાના કબ્જામાં દેશી દારૂની એક–એક લીટરની કોથળીઓ નંગ–૨૫ દારૂ લીટર–૨૫ કિ.રૂ. ૫૦૦૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (ઈ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ, જે બાબતે ફરીયાદીએ કુતિયાણા પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપતાં પ્રોહીબીશન ગુના રજી.નં.–૧૧૨૧૮૦૦૪૨૪૦૪૯૫/ ૨૦૨૪ થી ફરીયાદ નોંધી ત.ક. અમલદારે આ ગુનાની તપાસ કરતાં આરોપી સામે પુરતો પુરાવો જણાય આવતા આરોપી વિરૂધ્ધ મથાળે દર્શાવેલ ગુના સબબ અત્રેની અદાલતમાં બી.એન.એસ.એસ. ની કલમ–૧૯૩ મુજબ ચાર્જશીટ કરેલ છે.

(૨) આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત સમક્ષ હાજર થયેલ અને ત્યારબાદ તેને પોલીસ પેપર્સની નકલ તથા વકીલની સવલત મળેલ છે જેની ખાત્રી કરી

આરોપી સામે ઉપરોકત ગુના સબબનું વિગતવારનું તહોમતનામું **આંક–૦૫** થી ફરમાવેલ છે અને આ તહોમતનામું આરોપીને વાંચી સંભળાવી સમજાવીને **આંક–૦૬** મુજબ આરોપીનો પ્રાથમિક જવાબ લેતાં આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ, જેથી આ કામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| **અનુ.નં.** | **આંક** | **સાહેદનુ નામ** | **વિગત** |
|---|---|---|---|
| (૧) | ૦૭ | પ્રિતેષભાઈ ચનાભાઈ ડોડીયા | પંચસાહેદ |
| (૨) | ૧૫ | આનંદભાઈ ખીમાભાઈ સોંદરવા | પંચસાહેદ |
| (૩) | ૨૦ | ભરતભાઈ ભોજાભાઈ ગોજીયા | ફરીયાદી |
| (૪) | ૨૨ | દીલીપસીંહ હેંમતસીંહ જાડેજા | ત.ક.અધિકારી |

**–:દસ્તાવેજી પુરાવો :–**

| **અનુ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત** |
|---|---|---|
| (૧) | ૦૮ | મુદ્દામાલ કબ્જે કર્યા અંગેનું પંચનામુ |
| (૨) | ૦૯ | આરોપીનુ અટક કર્યા અંગેનું પંચનામુ |
| (૩) | ૨૧ | અસલ ફરીયાદ |
| (૪) | ૨૩ | પ્રોહીબીશન કલમ–૧૨૦ બી મુજબનો ઠરાવ |
| (૫) | ૨૪ | F.S.L. રીપોર્ટ |
| (૬) | ૨૫ | સેકશન–૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ |

આ કામમાં ફરીયાદપક્ષે ઉપરોકત પુરાવા સિવાય બીજો કોઈ પુરાવો રજુ થયેલ નથી અને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

(૪) આ કામમાં આરોપીનું આંક–૦૬ ના સાંધણ લગત બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધતા આરોપીએ ફરિયાદપક્ષની હકીકતોનો તેમજ તેઓની સામેના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે અને તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી.

(૫) આ કામમાં ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપી તરફે વિ.વ.શ્રીને સાંભળ્યા.

(૬) ઉપરોકત હકીકત, તેમજ રજુ થયેલ પુરાવો અને કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં આ કેસના નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ**

**(૧)** શું ફરીયાદપક્ષ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીએ ગઈ તા. ૩૦/૦૯/૨૦૨૪ નાં રોજ કલાક ૧૯:૧૦ વાગ્યાના અરસામાં આરોપીના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર પોતાના કબ્જામાં દેશી દારૂની એક–એક લીટરની કોથળીઓ નંગ–૨૫ દારૂ લીટર–૨૫ કિ.રૂ. ૫૦૦૦/– નો રાખી મળી આવી પકડાઈ જઈને ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓ પરત્વે આ કોર્ટનો નિર્ણય તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં
૨. આખરી હુકમ મુજબ.

**કારણો**

**મુદા નંબર:–(૧).**

સદર કામે ફરીયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે કુલ–૪ જેટલા સાહેદો તપાસવામાં આવેલા છે. તેમજ કુલ–૬ જેટલા દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે. જેમાં પંચસાહેદોનો પુરાવો, ફરીયાદી તથા તપાસ કરનાર અધિકારીનો પુરાવો વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરીયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે.

એવીડન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે. આ કામે પ્રથમ પંચસાહેદોનો પુરાવો ધ્યાને લઈએ તો,

(૮) **પંચસાહેદોનો પુરાવો :–**

આ કામમાં ફરીયાદપક્ષ તરફે આંક–૦૮ તથા આંક–૦૯ વાળા મુદ્દામાલ કબ્જે કર્યા અંગેના પંચનામા તથા આરોપીને અટક કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદ પ્રિતેષ

ચનાભાઈ ડોડીયાને આંક–૦૭ થી તથા બીજા પંચ સાહેદ આનંદભાઈ ખીમાભાઈ સૌંદરવાને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે અને બન્ને પંચોએ પંચનામામાં તેઓની સહી હોવાનું જણાવેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં તેઓએ તૈયાર લખેલ પંચનામામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે.આમ,ફરીયાદપક્ષે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના પુરાવાથી પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ નથી તેમજ આંક–૦૮ તથા આંક–૦૯ વાળા પંચનામાની કોઈ હકીકત પુરવાર કરેલ નથી.

(૯) **<u>ફરીયાદી તથા ત.ક.અમલદારનો પુરાવો :–</u>**

(૯.૧) આ કામમાં ફરીયાદપક્ષે આ કામનાં ફરીયાદી ભરતભાઈ ભોજાભાઈ ગોજીયાને આંક–૨૦ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને જુબાની દરમ્યાન આંક–૨૧ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ફરીયાદીએ **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,** બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે સતત વાહનો અને માણસોની અવર–જવર વાળો છે. પેટ્રોલીંગમાં કયાં સમયે બનાવ સ્થળે પહોંચેલ તે ફરીયાદમાં જણાવેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર ફરીયાદીએ ઉલટ તપાસમાં નકારી કાઢેલ છે.

આમ, આ ફરીયાદીની ઉપરોકત જુબાની જોતાં તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની એકલા આ સાહેદની જુબાની માનવી આ કોર્ટને ન્યાયના હિતમાં લાગતી નથી.

(૯.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અ., દીલીપસીંહ હેંમતસીંહ જાડેજાને આંક–૨૨ થી સોગંદ પર તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમાં તેઓની તપાસની કાર્યવાહીને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે અને તેઓની જુબાનીમાં આંક–૨૩થી પ્રોહીબીશન કલમ–૧૨૦(બી) નો ઠરાવ, આંક–૨૪ થી એફ.એસ.એલ. રીપોર્ટ તથ આંક–૨૫ થી સેકશન–૬૩(૪)(સી) મુજબનું ઈ–સાક્ષ્ય સર્ટીફીકેટ રજુ થયેલ છે. જયારે આરોપી તરફેની ઉલટતપાસમાં ત.ક.અમલદારે **એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે,**બનાવવાળો વિસ્તાર રહેણાંક અને લોકોની અવર–જવર વાળો વિસ્તાર છે. આ કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ અન્ય સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ નથી. તેઓએ લીધેલ સાહેદોના નિવેદનોમાં પંચોના નામ દર્શાવેલ નથી. જયારે આ સિવાયની અન્ય હકીકતોને સદર સાહેદે ઉલટતપાસમાં નકારી કાઢેલ છે.

આમ, આ ત.ક.અમલદારની ઉપરોકત જુબાની જોતાં તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની એકલા આ સાહેદની જુબાની માનવી આ કોર્ટને ન્યાયના હિતમાં લાગતી નથી.

(૧૦) આમ, આ કામે ઉપરોકત સાહેદો સિવાય બીજા કોઈ સાહેદને ફરીયાદપક્ષે તપાસેલ નથી અને ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ પુરાવો બંધ કરવાની મૌખિક વિનંતી કરતા ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરેલ છે.

(૧૧) હવે, ઉપરોકત ચર્ચેલ મૌખિક તથા લેખિત પુરાવાઓનું સંયુકત વિશ્લેષણ કરીએ તો આ કામમાં ત.ક.અમલદારે તેમની જુબાનીમાં ઉલટમાં બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને માણસોની અવર–જવર વાળો વિસ્તાર છે તેમ જણાવેલ છે તેમ છતાં આ કામમાં ત.ક.અમલદારે તપાસના કામે ત્યાંથી એટલે કે સ્થળ ઉપરથી કે આજુબાજુથી કોઈના નિવેદનો લીધેલ નથી કે તેઓને તપાસેલ નથી અને આ કામની ફરીયાદ પંચનામું કર્યા બાદ આપેલ હોવા છતાં કોઈ પંચોના નામ સરનામા ફરીયાદમાં જણાવેલ નથી તેમજ ઉપર ચર્ચા કરી તે મુજબ ઉપરોકત તટસ્થ અને સ્વતંત્ર પંચોએ ફરીયાદપક્ષના કેસને કે આંક–૦૮ અને આંક–૦૯ વાળા પંચનામાઓને બિલકુલ સમર્થન કરેલ નથી અને ઉપરોકત પંચસાહેદોએ તેઓની જુબાનીઓમાં બનાવવાળી જગ્યાએ બોલાવ્યાની હકીકત કે બનાવવાળી જગ્યાએથી દેશી દારૂ કબજે કર્યાની હકીકત કે આરોપીને અટક કર્યા અંગેની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેથી તેમને ફરી ગયેલા જાહેર કરેલ છે અને તે રીતે કોઈ સ્વતંત્ર અને તટસ્થ સાહેદે ફરીયાદીની જુબાનીને કે ત.ક.અમલદારની જુબાનીને સમર્થન કરતો પુરાવો આપેલ નથી અને ત્યારે આ કામે આંક–૨૪ થી રજુ થયેલ એફ.એસ.એલ.નો પુથ્થકરણનો અહેવાલ માની લેવામાં આવે તો પણ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ તટસ્થ અને સ્વતંત્ર પંચસાહેદોના સમર્થનના અભાવે સાબિત કરી શકેલ નથી. તેમજ આ કામમાં ફરીયાદમાં પંચનામાનો સમય લખેલ છે પરંતુ પેટ્રોલીંગમાં કેટલા વાગ્યે નિકળેલા તે તથા બનાવવાળી જગ્યાએ કેટલા વાગે પહોંચેલા તે અને પેટ્રોલીંગમાં કયા વાહનમાં નિકળેલા તે કે તે વાહનનો નંબર પણ ફરીયાદમાં કે ફરીયાદીની જુબાનીમાં કે ત.ક.અમલદારની જુબાનીમાં કયાંય જણાવેલ નથી અને ત્યારે આ તમામ હકીકતો ધ્યાને લેતાં તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટનો સ્ટેટ ઓફ ગુજરાત વિ. અબુ બકર ઉર્ફે અબુ ભાખર હાજી ઈસ્માઈલ હાજી સુલેમાનનો**

**કેસ લો** જોતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના સમર્થન વિનાની પોલીસ અધિકારીની જુબાની માનેલ નહીં અને ત્યારે આ કેસ લો તેમજ ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ઘ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલ નથી અને આરોપીએ ગુનો કરેલ છે કે નહીં તે અંગે કોર્ટના મનમાં જરા પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો લાભ આરોપીને મળે તેમ આ કોર્ટ માને છે અને આમ, આ કામના આરોપી સામેનો કેસ ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ હોય આરોપીને આ ગુનાના કામેથી શંકાનો લાભ આપી છોડી મુકવા ન્યાયના હિતમાં લાગે છે અને તેથી આ કામની ઉપરોકત વિગતવાર ચર્ચેલ તમામ હકીકતો જોતાં મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદા નંબર:–(૨).</u>**

(૧૨) આ કામના મુદ્દા નં.–૦૧ નો નિર્ણય ઘ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચેલ તમામ હકીકતો ઘ્યાને લેતાં આ કામમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

આ કામનાં આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧(૧) અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબના શિક્ષાપાત્ર ગુના માંથી શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

આ કામમાં મુદામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો પ્રોહી. મુદામાલનો અપીલ સમય પુરો થયા બાદ નીતી–નિયમો મુજબ નાશ કરવો.

આરોપીએ બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૧ મુજબ અપીલના કામે જરૂર પડયે હાજર થવા બાબતેના છ માસ સુધીની મુદતના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા અત્રેની કોર્ટમાં આપવાના રહેશે.

આ હુકમ આજરોજ તા.૧૧મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧–૦૩–૨૦૨૬.
સ્થળ : કુતિયાણા

**(કલ્પેશ લક્ષ્મણભાઈ નાડિયા)**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કુતિયાણા.
જજ કોડ: જીજે૦૧૪૩૩